ગાંધીનગર સમાચાર

**પુન્દ્રાસણની મહિલાને કોલેરા પોઝીટીવ**

# સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની ૩૦ ફુટ ઉંચી પ્રતિમા મુકાશે

**પાર્કમાં ભરૂચની પેટર્ન મુજબની પ્રતિમા મુકાશે : પ્રતિમા મુકવા ખોદકામ પણ શરૂ એલ. એન્ડ ટી.એ કામ સંભાળ્યુ**

ગાંધીનગર તા ૧૫

સ્વર્ણિમ પાર્કના મહત્વકાંક્ષી પ્રોજેકટને અનુલક્ષી પાર્કમાં ઘ- ૪ સર્કલ પાસેના માઉન્ટમાં સરદાર પટેલની ભવ્ય પ્રતિમાં મુકવામાં આવશે. ૩૦ ફુટ ઉંચી પ્રતિમા મુકવા માટે જરૂરી ખોદકામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આ માટે સરદાર સરોવર નિગમની રાહબરી હેઠળ એલ એન ટી ને કામ સોંપવામાં આવ્યુ છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં અનેક આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. ત્યારે સહેલાણીઓ માટે આર્કષણનુ કેન્દ્ર બનેલા પાર્કમાં ટુંકમાં જ સરદાર પટેલનુ સ્ટેચ્યુ મુકવામાં આવશે. નર્મદા જિલ્લામાં આવેલા ગરૂડેશ્વરમાં સાધુબેટ ખાતે સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટર ઉંચી પ્રતિમા બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.સ્ટેચ્યુ ઓફ લીબર્ટી કરતા પણ ઉંચી આ પ્રતિમા બનાવવાના પ્રોજેકટ પાછળ બજેટમાં ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે પ્રતિમા નિર્માણ માટે ગામેગામથી લોખંડ એકત્રિત કરવામાં આવી રહયુ છે. જયારે ગાંધીનગરમાં પણ સ્વર્ણીમ પાર્કમાં ભરૂચની પેટર્ન મુજબ સરદાર પટેલની પ્રતિમા તૈયાર કરવામાં આવશે. સ્વર્ણિમ પાર્કમાં ઘ-૪ નજીકના આઈલેન પાસે આ પ્રતિમાના નિર્માણ માટે ખોદકામ શરૂ કરી દેવામાં આવ્યુ છે.સરદાર સરોવર નિગમ આ કામગીરીના પ્રોજેકટમાં સક્રીય છે. જયારે એલ એન ટી ને પ્રતિમા માટેનુ કામ સોંપવામાં આવ્યુ છે. અલબત્ત આગામી સમયમાં સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની પ્રતિમાં જોવા મળશે.આ માટે જરૂરી કામગીર સાથે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

# ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન પદે ડો. હિમાંશુ પટેલ

**નાગરિક બેંકના નવા હોદેદારોમાં વાઇસ ચેરમેન તરીકે નરેન્દ્રભાઈ શાહ તેમજ મેનેજીંગ ડીરેકટર તરીકે મનુભાઈ પટેલ**



ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન પદે ડૉ. હિમાંશુ પટેલ, વાઈસ ચેરમેન તરિકે નરેન્દ્રભાઈ શાહ તેમજ મેનેજીંગ ડીરેકટર તરીકે મનુભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર નાગરિક બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણીમાં પરિવર્તન પેનલનો વિજય થયો હતો. પરિવર્તન પેનલના વિજયના અંતે નવા હોદેદેરોની વરણી માટે ચુંટાયેલા બોર્ડના સભ્યોની બેઠક યોજવામાં આવી હતી. બેઠકના અંતે ચેરમેન તરીકે યુવા આગેવાન અને ગુજરાત પ્રદેશ કોગ્રેસના પ્રવકતા ડો. હિમાંશુ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જયારે વાઈસ ચેરમેન તરીકે સુમંગલમ ટ્રસ્ટના પ્રમુખ, વડોદરા જિલ્લા મિત્રમંડળના પ્રમુખ તેમજ કોંગ્રેસ પ્રદેશ પેન્શનર્સ સેલના કન્વીનર નરેન્દ્ર શાહની વાઈસ ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત પૂર્વ વિપક્ષી નેતા, પટેલ સમાજના આગેવાન તેમજ મ્યુનિસિપલ કાઉન્સિલર મનુભાઈ પટેલની મેનેજીંગ ડીરેકટર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

# પ્રસિધ્ધ રૂપાલ વરદાયિની માતા મંદિરને લાલ પત્થરથી સજાવાશે



- **પલ્લી મેળા બાદ ૧૫ કરોડના ખર્ચે રીનોવેશન પ્રોજકટ હાથ ધરાશે**
- **માતાજીની મુર્તિ, શિવલીંગ અને પલ્લી યંત્ર યથાવત રહેશે**
- **મંદિરની ઉંચાઇ અને લંબાઇ વધશે**

ગાંધીનગર તા ૧૪

શ્રધ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સ્થાન રૂપાલ વરદાયિની માતાના મંદિરનુ રિનોવેશન કરવામાં આવશે. સમગ્ર મંદિર પરિસરને લાલ પત્થરની સજાવટ કરવામાં આવશે.મંદિરને નવો લુક આપવાનુ કામ આગામી પલ્લી મેળા બાદ શરૂ કરવામાં આવશે. રીનોવેશન પ્રોજેકટનુ કામ ત્રણ વર્ષ સુધી ચાલશે. માતાજીની મુર્તિ, શિવલીંગ અને પલ્લીયંત્રને યથાવત રાખવામાં આવશે. જયારે આ સિવાય સમગ્ર મંદીર સંકુલની પણ શિકલ બદલાઈ જશે.રીનોવેશનના પ્રોજેકટ પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ થશે.

ગાંધીનગર સ્થિત રૂપાલ વરદાયિની માતા મંદિરમાં વર્ષ દરમિયાન લાખો ભાવિકો દર્શનાર્થે આવે છે. શ્રધ્ધાળુઓની આસ્થાના કેન્દ્રબિંદુ સમાન રૂપાલ વરદાયિની મંદિરમાં નવરાત દરમિયાન નોમના દિવસે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધતા જતા રોગચાળા સામે તંત્ર પગલાં લેવામાં નિષ્ફળ પુરવાર થયું છે : કોંગ્રેસ

**જિલ્લા કલેકટરને અપાયેલ આવેદનપત્ર : સેકટરોના દવાખાનામાં આરોગ્ય કર્મીઓની ઘટ પણ ચિંતાજનક**



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં વધતા જતા વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાને લઈ આજે શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનોએ અધિક જિલ્લા નિવાસી કલેકટર શ્રી વિજય કાલરિયાને આવેદનપત્ર આપી તાત્કાલિક પગલાં તંત્ર દ્વારા ભરવામાં આવે તેવી માંગણી કરી છે.

શહેર કોંગ્રેસ સમિતિના પ્રતિનિધિ મંડળે શહેરમાં વધતી જતી ગંદકી સામે પણ નારાજગી વ્યક્ત કરી સફાઈ નિયમિત રીતે થાય તે માટે કોર્પોરેશન સત્તાવાળાઓને જરૂરી સૂચનાઓ આપવા માટે પણ માંગ કરી છે.

શહેરમાં ખાસ કરીને ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો જે રીતે નીકળી રહ્યા છે તે મુજબ ચિંતાજનક હોવાથી તંત્ર દ્વારા તાકીદે પગલાં ભરવામાં આવે તે જરૂરી હોવાનું પણ આવેદન-પત્રમાં જણાવ્યું છે.

આ આવેદન-પત્રમાં સેક્ટરોના દવાખાનાઓમાં પુરતો આરોગ્યનો સ્ટાફ નહિ હોવાને લઈ પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

સરકારી તંત્ર રોગચાળાને નાથવામાં સદંતર નિષ્ફળ ગયાનો આક્ષેપ પણ આવેદન-પત્રમાં કરવામાં આવ્યો છે અને જો પગલાં તાત્કાલિક નહિ ભરાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

ડૉ. કૌશિક શાહ, શ્રી નીશીત વ્યાસ, મહામંત્રી અને પ્રવક્તા ગુજરાત પ્રદેશ, વિરોધ પક્ષના નેતાશ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, શ્રી તેજાભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ ચાવડા, શ્રી કે.સી. સોલંકી, વિજય સોલંકી, ભાનુબેન રોહિત, જયદીપ ઠાકોર, અંકીત બારોટ, હર્ષજીત પંડ્યા, રાકેશ જાની, પ્રદિપસિંહ વાઘેલા અને શ્રી મેહુલ પટેલ વગેરે આવેદનપત્ર આપવામાં હાજર રહેલ હતા.

# રાજયમાં ૪૭ પીઆઈ અને ૫૬ પીએસઆઈની બદલી

**ગાંધીનગર જિલ્લામાં બે પી.આઈ., બે પીએસઆઈ આવ્યા ને એક પીઆઈ, ત્રણ પીએસઆઈ જિલ્લા બહાર ગયા**

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય પોલીસ વડાએ મોડી સાંજે પોલીસ બેડામાં મોટા ફેરફારો કર્યા હતા. રાજ્યના ૪૭ પોલીસ ઈન્સ્પેક્ટર્સ અને ૫૬ પોલીસ સબ ઈન્સ્પેક્ટર્સની બદલીઓના આદેશ જારી કર્યા હતા. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી એક પી.આઈ., ત્રણ પીએસઆઈ જિલ્લા બહાર ગયા છે, જ્યારે બે પી.આઈ., બે પીએસઆઈ ગાંધીનગર જિલ્લામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા પી.આઈ. આર.જી. ભાવસારની સુરત ગ્રામ્યમાં બદલી થવા પામી છે. જ્યારે સી.આઈ.ડી. ક્રાઈમમાં ફરજ બજાવી રહેલા અને અગાઉ ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવી ચુકેલા જે.ડી. પુરોહીત તથા ભાવનગરના આર.આર. ચૌધરીની ગાંધીનગર જિલ્લામાં નિમણુંક આપવામાં આવી છે. તો બીજી તરફ જિલ્લામાં ફરજ બજાવતા પીએસઆઈ એ.કે. ભરવાડને બનાસકાંઠા, એ.જે. પટેલને કચ્છ પશ્ચિમ-ભુજ અને એસ.ડી. સિસોદીયાને આણંદ મુકવામાં આવ્યા છે. જ્યારે બીજા જિલ્લાઓમાંથી બે પીએસઆઈ ગાંધીનગર જિલ્લામાં મુકવામાં આવ્યા છે. જેમાં અમદાવાદ સીટીના એન.જી. બારોટ, અને સુરેન્દ્રનગરના કે.એ. ગઢવીનો સમાવેશ થાય છે.

# ગાંધીનગર રેન્જના ૩૦ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર રેન્જમાં સમાવિષ્ટ ચાર જિલ્લાઓ ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી અને સાબરકાંઠામાં ફરજ બજાવતા ૩૦ પોલીસ કોન્સ્ટેબલને આજે હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી હતી. ગાંધીનગર રેન્જના ૩૦ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે અપાયેલા પ્રમોશનની યાદીમાં કેટલીક મહિલા કોન્સ્ટેબલના પણ સમાવેશ થાય છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# ગામડામાં ઉગ્ર બનતું પાટીદાર આંદોલન

સમગ્ર ગુજરાત રાજ્યમાં પાટીદારો અનામત મેળવવા માટે મરણીયા બન્યા છે ત્યારે આ આંદોલન હવે વિદોશમાં પણ પહોંચી ગયું છે અને છેલ્લા ત્રણ દિવસથી અરવલ્લી જિલ્લાના વિવિધ ગામોમાં પાટીદારો દ્વારા રાજકીય પક્ષોને વોટ માંગવા માટે ગામમાં પ્રવેશવા પર પ્રતિબંધ લગાવતા બેનરો લગાવવામાં આવ્યા છે. ત્યારે આજે સાંજે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ડુગરવાડા ગામના ભાઈઓ અને બહેનો દ્વારા કેન્ડલ માર્ચ યોજી રાજકીય પક્ષો ગામમાં પ્રવેશે ના તેવા બેનરો સાથે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામની હાય હાય ના નારા બોલાવી વિરોધ પ્રદર્શીત કર્યો હતો. ઉત્તર ગુજરાત અને ગાંધીનગરના અનેક ગામોમાં રાજકારણીઓ માટે પ્રવેશબંધીના બોર્ડ લાગી ગયા છે... ગામે ગામ કોંગ્રેસ અને ભાજપના નેતાઓને ચૂંટણી પ્રચાર માટે 'નો-એન્ટ્રી'ની ચેતવણી આપતા બોર્ડ લગાવાયા છે... આ ઉપરાંત બેંકોમાંથી ડીપોઝીટ ઉપાડી લેવાની ઝુંબેશ પણ ઉત્તર ગુજરાતમાં વેગવંતી બની છે... સોમવાર અને મંગળવારના દિવસોમાં અરવલ્લી, સાબરકાંઠા અને મહેલાણા જિલ્લાના ગ્રામીણ બેંકોમાંથી લાખો રૂપિયા ઉપાડાયાના અહેવાલો પ્રાપ્ત થયા છે... આમ એક તરફ સમાધાન માટેના પ્રયત્નો થઈ રહ્યા છે... સરકાર આશાવાદી છે, મધ્યસ્થીઓ પણ પ્રમાણિક પ્રયત્નો કરે છે... પરંતુ ગામડાઓમાં મહિલાઓ અને યુવાનો ખૂબ જ આક્રમક રીતે આંદોલનને આગળ ધપાવે છે...

# પુન્દ્રાસણની મહિલાને કોલેરા પોઝીટીવ

**ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ ગામની એક ૩૨ વર્ષીય મહિલાને કોલેરા પોઝીટીવ આવતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ જ તાલુકાના સરઢવ ગામે પિયર ધરાવતી મહિલા છેલ્લા દસ દવિસથી સરઢવ ગઈ હતી અને ગઈકાલે તેની તબિયત બગડતાં ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ હતી. જ્યાં પરીક્ષણ દરમ્યાન તેણીનીને કોલેરા પોઝીટીવ જણાઈ આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યું છે.

તંત્ર દ્વારા પુન્દ્રાસણ અને સરઢવ ખાતે સર્વેલન્સની કામગીરી હાથ ધરેલ છે પણ કોઈ શંકાસ્પદ દર્દીઓ મળ્યા નહિ હોવાનું અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીની સ્થિતિ સુધારા પર હોવાનું હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું છે.

આ સિઝનમાં કોલેરાનો આ સાતમો કેસ મળી આવ્યો છે. જે પૈકી ગાંધીનગર તાલુકામાંથી ૪થો કેસ મળી આવતાં તંત્રએ આ બાબતને અતિ ગંભીરતાથી લીધી છે. દહેગામ તાલુકામાંથી પણ ત્રણ કેસ કોલેરાના મળ્યા હતા તે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં અખાદ્ય ચીજવસ્તુઓના વધતા જતા વેપલાને લઈ તંત્ર ચિંતિત બન્યુ છે. આ ઉપરાંત પાણીનું ક્લોરીનેશન પણ નિયમિત ગ્રામ્ય વિસ્તારમાં નહિ થતુ હોવાની ચોંકાવનારી હકીકતો આરોગ્યતંત્રના ધ્યાને આવી છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે છુટા છવાયા કેસો મળી રહ્યા છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. જો કે તમામ આરોગ્ય અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તાકીદ કરવામાં આવી છે.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ**



સ્વ. મહેન્દ્રભાઈ ભીખાલાલ દવે

વિક્રમ સંવત ૨૦૭૦ ભાદરવા વદ આઠમ મંગળવાર

જન્મ: ૦૧-૦૧-૧૯૪૧ નિર્વાણ: ૧૬-૦૯-૨૦૧૪

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

**દવે પરિવાર**

પ્લોટ નં. ૩૧૧, સેક્ટર-૦૧, ગાંધીનગર

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com